# જાહેરનામું

**પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાં હુકમ ક્રમાંક:ગ/ઉપક/ટ્રાફીક/ ૪૭૦/૨૦૧૬**

**તા.૨૯/૦૨/૨૦૧૬**

**અમદાવાદ શહેરમાં એસ.જી.હાઇવે પરના પકવાન ચાર રસ્તા ઉપર ટ્રાફીકનું ભારણ દીન પ્રતિદીન વધતું જાય છે અને જેના કારણે પ્રદુષણની સમસ્યા વકરવા પામેલ છે.** પકવાન ચાર રસ્તા ખાતેની ટ્રાફીક સમસ્યા નિવારવા માટે ટ્રાફીકને ડાયવર્ઝન આપવાથી ટ્રાફીક સરળતાથી અને રોકાયા વગર પસાર થઇ શકે તેમ હોઇ તેમજ ટ્રાફીક નિયમનમાં સરળતા રહે અને જાહેર જનતાના વાહન વ્યવહારના નિયમનમાં સરળતાં રહે તેમ છે. વાસ્તે હું શિવાનંદ ઝા પોલીસ કમિશ્નરશ્રી,અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧ નંબર ૨૨ ની પેટા કલમ (૩૩) (૧) (બી) અન્વયે મને મળેલ સત્તા રૂએ નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ** :-

**અમદાવાદ શહેરમાં એસ.જી.હાઇવે પરના પકવાન ચાર રસ્તા ઉપર પ્રાયોગિક ધોરણે તા.૦૧/૦૩/૨૦૧૬ થી તા.૩૧/૦૫/૨૦૧૬ સુધી સવાર કલાક ૦૯:૦૦ થી ૧૧:૦૦ અને સાંજ કલાક ૧૭:૦૦ થી ૨૧:૦૦ સુધી કોઇ પણ વાહન ચાલક જમણીબાજુ વળી શકશે નહી, એટલે કે રાઇટ ટર્ન ઉપર તદ્દન હંગામી ધોરણે પ્રતિબંધ મુકવામાં આવે છે.**

**અપવાદ** : આ જાહેરનામામાંથી એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ,પોલીસના વાહનો તેમજ વી.વી.આઇ.પી. મુવમેન્ટ વખતે જરુર જણાયે ત્યારે મુક્તિ આપી શકાશે.

આ જાહેરનામાનો અમલ તા.૦૧/૦૩/૨૦૧૬ થી તા.૩૧/૦૫/૨૦૧૬ સુધી રહેશે.

આ જાહેરનામાનાં આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ- ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૨૯ /૦૨/૨૦૧૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૯/૦૨/૨૦૧૬
અમદાવાદ શહેર

City Commissioner of Police * Ahmedabad *

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.

Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)